# અબડાસા તાલુકામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણો

## (૧) કૃષિ વિષયક વીજ જોડાણ માટે કઇ કઇ યોજનાઓ અમલી છે ?

મા. ધારાસભ્યશ્રી પ્રધ્યુમનસિંહ જાડેજા

જવાબ

- **અબડાસા તાલુકામાં ખેડૂતો માટે કૃષિ વિષયક વીજ જોડાણ માટે સામાન્ય યોજના, અનુસૂચિત જાતિ પેટા યોજના, સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અને તત્કાલ યોજના અમલી છે.**

**રાજયમાં નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટેની યોજનાઓ.**

- **સામાન્ય યોજના**: સમગ્ર રાજ્યના કોઈ પણ વિસ્તારના ખેડૂતો આ યોજના હેઠળ વીજ જોડાણ મેળવી શકે છે. આ યોજનામાં લાઇન ચાર્જ સરકાર ભોગવે છે. ખેડૂતે માત્ર ફીકસ ચાર્જ ભરવાનો રહે છે.
- **આદિજાતિ વિસ્તાર પેટા યોજના**: રાજ્યના આદિજાતિ વિસ્તારોના ખેડૂતો આ યોજના હેઠળ વીજ જોડાણ મેળવી શકે છે. આ યોજનામાં લાઇન ચાર્જ અને ફીકસ ચાર્જ સરકાર ભોગવે છે.
- **અનુસૂચિત જાતિ પેટા યોજના**: રાજ્યના અનુસૂચિત જાતિના ખેડૂતો વીજ જોડાણ મેળવી શકે છે. આ યોજનામાં લાઇન ચાર્જ અને ફીકસ ચાર્જ સરકાર ભોગવે છે.
- **તત્કાલ યોજના**: અરજદાર દ્વારા સામાન્ય યોજના કે **આદિજાતિ વિસ્તાર પેટા યોજના** કે **અનુસૂચિત જાતિ પેટા યોજના** અંતર્ગત વીજ જોડાણ માટે નોંધણી કરાવેલ હોય તો તેઓ તત્કાલ યોજના હેઠળ અરજી તબદીલ કરાવી શકે છે. કુલ જમીનના ૫૦ ટકામાં અથવા ઓછામાં ઓછા ૨ એકરમાં અરજદારે ટપક સિંચાઇ પધ્ધતિ સ્વીકારવી ફરજીયાત છે. જો ખેડૂત પાસે ૨ એકર જમીન હોય તો સમગ્ર જમીનમાં તેણે ટપક સિંચાઇ પધ્ધતિ સ્વીકારવી ફરજીયાત છે.
- **સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના** - સાગરકાંઠાના વિસ્તારોના ખેડૂતોને આ યોજના હેઠળ વીજ જોડાણ આપવામાં આવે છે. આ યોજનામાં લાઇન ચાર્જ સરકાર ભોગવે છે. ખેડૂતે માત્ર ફીકસ ચાર્જ ભરવાનો રહે છે.

## (૨) સરેરાશ એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપનીને કેટલો ખર્ચ કેટલો થાય છે ?

## - તેની સામે વીજ જોડાણ માટે ખેડૂતે કેટલી રકમ ભરવી પડે છે?

મા.ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા (રાપર)

જવાબ

- એક નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે વીજ કંપની અંદાજિત સરેરાશ રૂ ૧. લાખ ૭૧ હજાર જેટલો ખર્ચ કરે છે પરંતુ ., ખેડૂતોએ નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે મામૂલી રકમ ભરવાની થાય છે અને તમામ ખર્ચના તફાવતના નાણાં સરકાર દ્વારા ફાળવવામાં આવે છે .
- ઔધ્યોગિક વીજ જોડાણની જેમ ખેડૂતોને પણ તેમના ખેતીવાડી વીજ જોડાણ માટે આગવુ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે.
- નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઈ ખર્ચ વસૂલવામાં આવતો નથી.
- ખેડૂત પાસેથી માત્ર સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોજિટના નાણાં જ લેવામાં આવે છે.
- ૫ હો.પા.ના વીજ જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ ખેડૂતે રૂ.૭૮૫૫ ભરપાઈ કરવાના થાય છે તે જ રીતે ૧૦ હો.પા. વીજ જોડાણ માટે સામાન્ય યોજના હેઠળ ખેડૂતે રૂ.૧૪૧૯૦ ભરપાઈ કરવાના થાય છે.
- એનર્જી ડિપોઝિટના નાણાં ખેડૂતના ખાતામાં જમા રહે છે તથા ખેડૂતને આ નાણાં પર વ્યાજ આપવામાં આવે છે.